

## ‘જય... જય... અંબે બોલ મારી અંબે...’

ત્રિસૂળીયા ઘાટે ‘જય... જય... અંબે બોલ મારી અંબે’ ના નાદ સાથે ભક્તો એ હરસો ઉલ્લાસ સાથે માં નો રથ ખેચી ધન્યતા અનુભવી હતી.



### પાલનપુરથી દાંતાં સુધીના પદયાત્રીઓથી સેવા કેમ્પો ઉભરાયા

યાત્રાધામ અંબાજી ખાતે શરૂ થયેલ ભાદરવી પૂનમના મહામેળામાં માઈ ભક્તોનું ઘોડાપુર ઉમટી પડયું છે. પદયાત્રીઓની સેવામાં સેવા કેમ્પના કાર્યકર્તાઓ ખડે પગે સેવા કરી રહ્યા છે, જેમાં સૌથી મોટા કેમ્પ તરીકે જાણીતા જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા દાંતા રતનપુર મુકામે કેમ્પ.



### ખેડબ્રહ્મામાં લાલ છત્રીવાળા સંઘનું આગમન

વડોદરાના કચેરિયા ગામેથી અંબાજી તરફ ખેડબ્રહ્મામા સોમવાર સાંજના વડોદરા જીલાનો પ્રખ્યાત લાલ છત્રીવાળો સંઘ આવી પહોંચ્યો હતો. દર વર્ષે અગિયારના દિવસે ખેડબ્રહ્મા આવી પહોંચ્યો હતો. વડોદરા જિલ્લાના કચરિયા ગામનો સંઘ સાંજન સમયે આવી પહોંચ્યો હતો જેમા ૧૨૦ જેટલા મહિલા અને પુરૂષો પદયાત્રી લાલ છત્રી લઇ ચાલતા હોઈ લોકોના ટોળેટોળા જોવા ઉમટી પડ્યા હતા. સોમવાર રાત્રી રોકાણ ખેડબ્રહ્મા ખાતે કરીને કરી મંગળવારે સવારે અંબાજી તરફ રવાના થયો હતો.



### જલોતરા નજીક પદયાત્રીઓને માનસિક શાંતિ માટે તેમજ આત્મ સાક્ષાત્કાર માટેનો કેમ્પ

અંબાજી જતા પદ યાત્રીઓ માટે અલગ અલગ પ્રકારના કેમ્પ નું આયોજન થતું હોય છે. જેમાં ભોજન પ્રસાદ, ચા, પાણી, નાસ્તો,મેડિકલ સેવાઓ વેગેરે જેવી સેવાઓ પૂરી પાડવા માં આવતી હોય છે.ત્યારે પાલનપુર સહજયોગ ધ્યાન કેન્દ્ર દ્વારા જલોતરા નજીક માનસિક શાંતિ માટે અને આત્મ સાક્ષાત્કાર માટે કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. જ્યાં પદયાત્રીઓ ને ચા નાસ્તો ની સગવડ સાથે કુંડળી ની જાગૃતિને ધ્યાન, યોગ અને આત્મ સાક્ષાત્કાર શીખવાડવા માં આવે છે. જેથી કરી પગપાળા જતા યાત્રાળુઓ તેમનો માનસિક અને શારીરિક થાક ઉતાંરી શકે, બૌધીક શકિતઓ કઈ રીતે જાગૃત કરવી તે માટેનું મારગદર્શન પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ કેમ્પ માં રોજના ૨૦ થી ૨૫ હજાર પગપાળા યાત્રિકો એ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સહજયોગ ધ્યાન દ્વારા કરવામાં આવ્યું હતું.અને જે માટે હાલ પાલનપુર માં સેંટર પણ ચાલુ હોવાનું આ કેમ્પના આયોજકો એ જણાવ્યું હતું.

## સેવા કેમ્પ દ્વારા "પદયાત્રીઓની" અનોખી સેવાઓ કરાઈ રહી છે



મુમનવાસ પાસે જય જલારામ સેવા કેમ્પમાં "માં અંબાના" ભક્તો માટે સેવકો દ્વારા પગદબાવીને માલીસ કરીને માના ધામમાં જઈ રહેલા પદયાત્રીઓની રાત દિવસ સેવા કરતા રહ્યા છે અને ચાલતા અંબાજી જવા કરતાં પણ માના ભક્તોની સેવા કરતાં આનંદ અનુભવી રહ્યા છે આ સેવા કેમ્પમાં જમવા માટે ગરમગરમ ભાખરી, શાક, દાળ ભાત, સહીત પદયાત્રીઓને પિરસવામાં આવી રહ્યું છે.

# અંબાજી જતા પદયાત્રીઓ માટે દાંતા દૂધ શીતકેન્દ્ર ખાતે મેડિકલ-સેવા કેમ્પનો શુભારંભ

ભાદરવી પૂનમના મહામેળામાં અંબાજી ખાતે માનવ મહેરામણ ઉમેટી રહ્યું છે ત્યારે, આજે બનાસ ડેરીના દાંતા શીતકેન્દ્ર ખાતે ‘‘બનાસ મેડિકલ-સેવા કેમ્પ’’નો શુભારંભ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

આ મેડિકલ-સેવા કેમ્પમાં સ્વાઇન ફ્લૂ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળો, વિવિધ પ્રકારની મેડિકલ સારવારો અને થાકેલા પદયાત્રીઓ માટે આરામદાયક પથારીની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. મેડિકલ-સેવા કેમ્પને ખુલ્લો મુકતાં ચેરમેન શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતુ કે પશુપાલકોની ડેરી અને પશુપાલકોની મેડિકલ કોલેજ દ્વારા પદયાત્રીની સેવા માટેનો આ કેમ્પ છે, જ્યાં વિવિધ તબીબી સેવાઓ ઉપલબ્ધ થનાર છે. માનવ અને પ્રકૃતિની સેવાનો ભાવ મનમાં પ્રગટે અને તે દ્વારા સેવા કાર્ય થાય ત્યારે એક વિશેષ પ્રકારનો આનંદ અને સુખનો અનુભવ થતો હોય છે. તદુપરાંત માનવ સેવા સહિતની અનેક સેવાઓમાં સૌને તત્પર રહેવા ચેરમેને આહવાન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતો સહકારી આગેવાનો અને દૂધ મંડળીઓના ચેરમેન મંત્રીઓને સંબોધીને જણાવ્યું હતું કે તાજેતરમાં બનાસ દાણની માંગ વધી છે, બનાસ ડેરી ૧૭૦૦ મેટ્રિક ટન દાણનું ઉત્પાદન કરે છે, તેમ છતાં માંગને પહોંચી વળવું મુશ્કેલ છે. ખાનગી બજારમાં પણ પાપડી, ભરડો, મકાઈના ભાવ વધવાથી તેમજ બીજા જિલ્લાની ડેરીઓમાંથી પણ ૨૦૦ રૂપિયા મોંઘુ દાણ લાવીને આપવા છતાં પણ પશુપાલકોના હિતમાં દાણના ભાવ વધારવાનો હાલ કોઈ ઈરાદો નહીં હોવાનો સંકેત ચેરમેનશ્રીએ આપ્યો હતો.સાથે સાથે બનાસ દાણના બંને પ્લાન્ટ અપગ્રેડ કરવાની વાત પણ તેમને જણાવી હતી.



# મોડાસામાં મહોર્રમની ભાવપૂર્વક ઉજવણી

મોડાસા શહેરમાં મંગળવારે તાજીયાનું મોડાસાનગરમાં કસ્બા સમાજના બિરાદરો દ્વારા જુલુસ નીકાળી શહેરના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું. તાજીયા જુલૂસમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. અરવલ્લી જીલ્લા નવ નિયુક્ત કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલ તાજીયા જુલુશ નિહાળી તાજીયા કમિટીની મુલાકાત લીધી હતી. મોડાસાના પ્રમુખ સુભાષ શાહ, કોર્પોરેટરો અને રથયાત્રા સમિતિ સહીત જીવદયાપ્રેમી નિલેશભાઈ જોશી, નાગરિક બેંક ચેરમેન પરેશ ગાંધી દ્વારા ઘોરીઓના ચોકમાં તાજીયા કમિટીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવતા કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા. જીલ્લા પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો મોહરમ પર્વમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસવડા મયુર



પાટીલના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક ફાલ્ગુનીબેન પટેલ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરાયું હતું.મોહરમના દસ દિવસ એટલે યૌમે આશુરાના દિવસ હજરત મોહંમદ પયગંબર સાહેબના નવાસા હજરત હુસેનસાહેબ સચ્ચાઈ અને ન્યાય સામેની લડાઈમાં શહીદ થયા હતા જેને મુસ્લિમ સમાજ દ્વારા દસ દિવસ સુધી માતમ મનાવવા સાથે રોજ મરાશિયા ગાવામાં આવે છે. દસમા દિવસે રોજ રાખી ઈબાદત કરવામાં આવે છે. મોહરમના દસમા દિવસે મોડાસાનગરમાં પરંપરાગત રીતે તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યું હતું. કસ્બા જમાત દ્વારા કાઢવામાં આવતા તાજીયા જુલૂસમાં ‘‘યા હુસેન’’ના ગગનભેદી નારા સાથે મોટી સંખ્યામાં મોડાસા શહેર સહીત જીલ્લાના મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. તાજીયા જુલૂસમાં અખાડાના કરતબ નિહાળી લોકો અભિભૂત બન્યા હતા.



## ડીસામાં મોહર્રમ નિમિત્તે તાજીયાના ઝુલુસ નીકળ્યા

શોક અને શહાદતનો પર્વ એટલે મોહરમ. ઈસ્લામને જીવંત રાખવા અને સત્ય ખાતર કરબલાના મેદાનમાં હઝરત ઈમામે હુસેન તથા તેમના ૭૨ સાથીદારો સાથે હજ્જારોની સંખ્યામાં યઝીદો સામે લડાઈ લડી શહીદી વોહરી લીધી હતી. તેમની યાદમાં આજે હજ્જારો મુસ્લિમ બિરાદરોએ રોઝા રાખી નમાઝો પઢી ઈબાદત ગુજારી હતી. જયારે મૌલાના શોક્તઅલી અકબરીએ સતત દસ દિવસ સુધી મક્કા મસ્જિદમાં કરબલાની દાસ્તાન સભળાવતા સૌની આંખો આસુઓથી ભરાઈ ગઈ હતી. આ પ્રસંગે સાત નાના મોટા તાજિયા નીકળ્યા હતા જેમા ડોલીવાસં મોહમદપુરા બડાપુરા છોટાપુરા તથા મીરા મોહલ્લા સહિત વિસ્તારોના તાજિયા નીકળ્યા હતા. તાજિયાના ઝુલુસ ડોલીવાસથી ઝોહરની નમાઝ બાદ નીકળ્યું હતું જે ઝુલુસ લેખરાજ ચાર રસ્તા સરસ્વતી રેસ્ટોરેન્ટ જૂની પોલિસલાઈન મીરમોહલ્લા થઈ ગવાડી ખાતે આવેલ કબ્રસ્તાનમાં તાજિયા ઠંડા કર્યા હતા. આ પ્રસંગે નવ જુવાનોએ પોતાના શરીર પર ટ્યુબલાઈટ ફોડી તલવારના ઘા કરી લાકડીઓના દાવ રમતા જોવા મળ્યા હતા. આ પ્રસંગે મીરા મોહલલા ત્રણબત્તી રાજપુર પોલીસ ચોકી તથા અખ્ખર ચોક તથા રાજપુર પોલીસચોકી ખાતે નવ જોવાનો સરબત પીવડાવતા નજરે પડ્યા હતા. આ પ્રસંગે હઝરત સૈયદ મોહમદલીબાવા તથા હઝરત સૈયદ હસનઅલી બાવાએ જણાવ્યું કે હઝરત ઈમામે હુસેનની શહાદત જીવંત રાખવા દરેક મુસ્લિમોને રોઝા રાખી ઈબાદત ગુજારવા જણાવ્યું હતું.

## પ્રાંતિજમાં મુસ્લિમ સંસ્કૃતિની બેનમૂન કલા-કારીગીરીની ઝાંખી કરાવતાં તાજીયાનું ભવ્ય ઝુલુસ નિકળ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બારકોટ અને પઠાણવાડામાંથી મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરાયેલા તાજિયા મોહરમ પર્વ નિમિત્તે નીકળ્યા હતા જેમાં પ્રાંતિજ મેનબજારમાં થઈને વિવિધ વિસ્તારોમાંથી પ્રસાર થઇ નિયત કરેલ જગ્યાએ તાજિયા ઉભા રાખવામાં આવ્યા હતા. ઈસ્લામ ધર્મના મહાન પયંગબર મોહમંદ સાહેબના દોહિત્ર ઈમામ હુસેન તથા ૭૨ સાથીદારો શહાદતની યાદગીરીમાં મુસ્લિમ સમાજના વિસ્તારોમાં તાજિયા કમિટીઓ દ્વારા તાજિયા બનાવડાવી નવ અને દશમાં દિવસે મહોરમના દિવસે પ્રાંતિજના બજારમાં તાજિયા જુલુસ કાઢવામાં આવ્યું હતું

